# આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરતા દાહોદ જિલ્લાના મેળાઓ

ડૉ.ડી.બી.મુનિયા
ઈતિહાસ વિભાગ
નવજિવન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,દાહોદ

મોટાહાથીધરા

ભૌગોલીક સ્થાન :

લીમખેડા તાલ્લુકા થી ૨ કિ.મી. અંતરે મોટાહાથીધરા ગામ આવેલ છે.૧

તિથી :

અહીં દર વર્ષ ફાગણ સુદ અગીયારસ એટલે કે આમલી અગીયારસ ના રોજ મેળા ભરાય છે.૨

ઈતિહાસ :

અહીં હડફ નદીના કિનારે સોલંકીકાળનુ મહાદેવજીનું પૌરાણીક શિવમંદિર, સાંઈબાબા મંદિર,સંતોષીમાતાનું મંદિર,અને કાલકામાતાના મંદિર આવેલા છે. અહીં દર વર્ષ આમલી અગીયારસ,ના રોજ પરંપરાગત લોકમેળાઓ ભરાય છે. લોક વાયકા પ્રમાણે સોમનાથ મંદિર પછિ આ મંદિર ઉપર મુસ્લિમ સૈનિકોએ હુમલો કરી આને ખંડીત હતું. ત્યાર બાદ મહન્ત આવંતકાપુરી જી અને મહંત નારાયણપુરી જી ના પ્રયત્નોથી ફરીથી મંદિરનું પુનઃનિર્માણ કરવામાં આવ્યું હતું.૩ આ મંદિર લોકોની શ્રધ્ધાનું કેન્દ્ર છે. મેળાના દિવસે નવદંપતી શરીરે હળદળ પીઠી ચોળી હાથમાં નારીયેળી મુકી ઢોલ નગારા વગાડતા ગીતો ગાતા જઈને મકાઈ,ઘઉં,જવ,તુવેર,અડદ,ચણા,અને ચોખ્ખા જેવા સાત જાતના ધાન્ય અનાજના દાણા લઈ મંદિરની સાત વાર પ્રદક્ષિણા કરી આશિવચન મેળવી સંસાર સુખ માટે પુજા અર્ચના કરે છે.૪ આ મેળામાં મન મુકીને નાચવું,ચકડોળ,ચકેડીમાં બેસવું અને દેશી મહુડાનો રસ પીને ઢબુકતા ઢોલના તાલે નાચવું અને કીકીયારી કરીને આનંદ મેળવવો એ આ વિસ્તારની આગવી આગવી પ્રણાલી છે. અહીં મંદિર માં કામશાસ્ત્રને લગતી મુર્તિઓ મંદિરની દિવાલ પર ડંકારવામાં આવેલી છે.૫

મેળાનું સ્થાન,મુદત અને વ્યાપ :

અહીં મંદિર પરિસરમાં આમલી અગીયારસ,ના રોજ પરંપરાગત લોકમેળો ભરાય છે. મેળામાં ગુજરાત સહીત આજુબાજુ ના સ્થાનિક આશરે ૫૦,૦૦૦ હજાર થી વધુ લોકો ભગ લે છે. તેમાં દરેક જ્ઞાતીના શ્રધ્ધાળુ લોકો મેળામાં શિવ દર્શન કરી ધન્યતા અનુંભવે છે.૬

મેળામાં સગવડ :

મેળામાં આવવા માટે મેળાના દિવસે ખાનગી વાહનો દ્વારા તથા પગપાળા પણ યાત્રાળુઓ મેળામાં આવે છે.ભકતો શ્રીફળ,દુધ,બીલીપત્ર,ફુલહાર ચઢાવી માનતા પુર્ણ કરે છે.મેળામાં આનંદ પ્રકોદ માટે રમકડા નાસ્તાના સ્ટોલ તેમજ ખાણી પીણી કરી આનંદ મેળવે છે. મેળામાં ઢોલ નગારા અને આદિવાસી નૃત્ય આકર્ષણનું કેન્દ્ર હોય છે.૭

**ચુલનો મેળો ગાંગરડી**

ભૌગોલીક સ્થાન :

ગરબાડા તાલ્લુકા થી ૪ કિ.મી. ગાંગરડી ગામ આવેલ છે.

તિથી :

અહિં દર વર્ષ ફાગણ સુદ ના રોજ એક દિવસીય મેળો ભરાય છે.

ઈતિહાસ :

લોકવાયકા પ્રમાણે ચુલના દિવસે પટેલ તરીકે અખંડ ઉપવાસ કરવામાં આવે છે. બે દિવસ સુધી તમામ રોજીદા પ્રવૃતિઓ બંધ કરી દેવામાં આવે છે. જેવા કે બે દિવસ સુધી ચંપલ ન પહેરવાની, ખાટલા પર ન બેચવું, પવિત્રતા જાળવવી વગેરે. બીજી એક લોકવાયકા પ્રમાણે મુસ્લિમોના આક્રમણોથી બચવા માટે પાવાગઢ થી ખડક લાવેલ છે ખડક ને નવરાત્રી ના નવ દિવસ અખંડ ઉપવાસ રહી ને મહાકાળી માતાના મંદિરે જવારા આવેલા હોય ત્યા રાખવામાં આવેલ છે. આ ખડકને નવદિવસ પછિ ઘરે લાવી મ્યાનમાં

મુકવામાં આવે છે. ૬ ફુટ લાંબો અને બે ફુટ પહોળો ખાડાને ચુલ કહેવામાં આવે છે. આ ચુલમાં લાકડા સળગાવી માનતા મુજબ અંગારા પાડવામાં આવે છે. ચુલના દિવસે હરિજન જ્ઞાતિના લોકો દ્વારા ગરમ ચુલ ઉપર ફેરવામાં આવે છે જેમણે ઉપવાસ કરેલ હોય તે પટેલ અને હરિજન બંને સાથે હાથ પકડી ને ખાંડા સાથે પહેલા ગરમ ચુલ પરથી પસાર થાય છે, ત્યારબાદ અંગારા પર ઘી છાંટવામાં આવે છે.૮ ત્યાર બાદ સળગતા અંગારા ઉપર માનતા માનેલા લોકો ઉઘાડા ખુલ્લા પગે ચુલમાં ચાલીને પોતાની માનતા પુરી કરે છે. આ ચુલના મેળામાં અહીંના આદિવાસીઓ ઢોલ નગારા સાથે મન મુકી ને નાચે છે.

મેળાનું સ્થાન,મુદત અને વ્યાપ :

અહીં દર વર્ષ ચુલના દિવસે ફાગણ સુદ એકમના રોજ ૧ દિવસીય મેળો ભરાય છે. મેળામાં આશરે ૪૦,૦૦૦ થી વધુ લોકો ભાગ લે છે. આ મેળામાં ગુજરાત, રાજસ્થાન,અને મધ્યપ્રદેશ ઉપરાંત સ્થાનિક આદિવાસી જ્ઞાતિના લોકો તથા પટેલીયા જ્ઞાતિના લોકો અહીં વિશેશ પ્રમાણમાં આવે છે.

મેળામાં સગવડ :

મેળામાં આવવા માટે મેળાના દિવસે ખાનગી વાહનો દ્વારા તથા પગપાળા પણ યાત્રાળુઓ મેળામાં આવે છે. મેળના દિવસે લોકોની વ્યવસ્થામાં ગામ લોકો સેવા આપે છે.૯ મેળામાં વવ્વસ્થાના ભાગ રુપે દાહોદ જિલ્લા દ્વારા પોલીસ બંદોબસ્તીની પણ વ્યવસ્થા કરવામાં આવે છે. મેળામાં આનંદ પ્રમોદ માટે લોકો ઢોલના તાલે નૃત્ય કરે છે. મેળામાં મોટા ઢોલ,થાળી,હિંચકા,ચગડોળા,લોકગીતો અને નૃત્ય આકર્ષણ નું કેન્દ્ર હોય છે.

પાદનોધ

(૧) વિકાસ વાટીકા,દાહોદ જિલ્લાનો વિકાસ દસકો, સંકલન, એસ.એમ.મોદી, નિયામક જિલ્લા વિકાસ એજન્સી દાહોહ, વર્ષઃ૨૦૧૨ પૃ..૨૮.

(૨) દાહોદ અતીતના ઓવારે, વિકાસના પથવારે,કલેકટર કચેરી દાહોદ, મે.૨૦૧૨ પૃ..૬૫.

(૩) ઉગતા સુર્યનો પ્રદેશ,દાહોદ પ્રકાશક માહીતી નિયામકની કચેરી ગુજરાત રાજય,ગાંધીનગર, વર્ષઃ ૨૦૦૬,પૃ..૫૯.

(૪) ગુજરાત પાક્ષિક,માહિતી નિયામકની કચેરી , ગુજરાત રાજય ગાંધીનગર, વર્ષઃ ૪૫ અંક.૩,તાઃ ૧૬/૦૨/૨૦૦૫, પૃ..૧૮.

(૫) મહંત નારાયણપુરી જી ઉંમર,૧૦૩ વર્ષ, મહંત શ્રીહાથીધરા મંદિર, રુબરુ મુલાકાત.

(૬) ગુજરાત સમાચાર,વડોદરા આવૃતિ ૫ માર્ચ ૨૦૧૩ સોમવાર પૃ..૮.

(૭) મહંત આવંતકાપ ુરીજી ઉંમર ૬૫ વર્ષ, પુજારી શ્રીહાથીધરા મંદિર રુબરુ મુલાકાત.

(૮) ઈશ્વરસિંહ કરણસિંહ બારીયા ઉમર વર્ષ.૫૨,માજી પ્રમુખ તાલુકા પંચાયત ગરબાડા રુબરુ મુલાકાત.

(૯) નિલયસિંહ માનસિંહ બારીયા, ઉમર વર્ષ ૩૨, જ્ઞાતિ પટેલ, રુબરુ મુલાકાત.